ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંકઃ બીઝેડ/ફોરમ/૫૫/૨૧-૨૨/ 3621 તારીખ 06 DEC 2021

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**મે.રઘુવીર આઈસ એન્ડ કોલ્ડ સ્ટોરેજ,**
**જીવાપરા રોડ, બુરહાની સોસાયટી,**
**બરફના કારખાને,**
**અમરેલી-૩૬૫ ૬૦૧**
**જી.અમરેલી.**
**મો.નં-૯૮૭૯૭ ૯૨૦૫૨/૯૦૭૯૭ ૯૨૦૫૨**

કેસ નં.૫૫/૨૧-૨૨

**વિષય : એન્યુઅલ ૨૦/૨૧ નું મીનીમમ બિલ બાબત અરજ.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૦૬/૧૦/૨૦૨૧ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૦૭/૧૦/૨૦૨૧.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૫/૨૧-૨૨/૩૦૪૧ તા.૧૨/૧૦/૨૦૨૧.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૫/૨૧-૨૨/૩૨૭૪ તા.૦૧/૧૧/૨૦૨૧.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૫/૧૧/૨૦૨૧** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણઃ- ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી-૧, **અમરેલી.**
*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ-**

(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **અમરેલી.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, **શહેર પેટા વિભાગીય કચેરી, અમરેલી.**

Grievance Redressal P.G.V.C.L. Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ <u>કેઈસ નંબર – ૫૫/૨૧–૨૨</u> ☜

વાદી :– **મે.રઘુવીર આઈસ એન્ડ કોલ્ડ સ્ટોરેજ,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ <u>રજુઆતની તારીખ:– તા.૧૫/૧૧/૨૦૨૧</u> ◈

હાજર રહયા :– **શ્રી મઝહરભાઈ ફકરૂદીનભાઈ માકડા (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી કે.આર.પરીખ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી–૧, અમરેલી.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

મે.રઘુવીર આઈસ એન્ડ કોલ્ડ સ્ટોરેજ, મું.અમરેલી ની એન્યુઅલ ૨૦/૨૧ નું મીનીમમ બિલ બાબત ની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૫૫/૨૧–૨૨ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, અમરેલી ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૫/૨૧–૨૨/૩૦૪૧ તા.૧૨/૧૦/૨૦૨૧ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **<u>તા.૧૫/૧૧/૨૦૨૧</u>** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે શ્રી મઝહરભાઈ ફકરૂદીનભાઈ માકડા હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી કે.આર.પરીખ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી–૧, અમરેલી ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆત</u>:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો અરજદાર ઉપર જણાવેલ ઠેકાણે અમો રહીએ છીએ અને રઘુવીર આઈસ એન્ડ કોલ્ડ સ્ટોરેજ નામે બરફનું કારખાનું ધરાવીએ છીએ. અમો, પીજીવીસીએલ ના ગ્રાહક છીએ અને ગ્રાહક નં–૮૩૧૫૪/૦૨૪૧૩/૧ થી ઔધોગીક વિજ કનેકશન ધરાવીએ છીએ અને અમો પ્રમાણીક પૂર્વક નિયમીત પણે પીજીવીસીએલ દ્વારા આપવામાં આવતું બિલ નિયત સમયમાં ભરપાઈ કરીએ છીએ.

૧.૨ અમો અરજદારને આપ સાહેબની કચેરી દ્વારા તા.૩૦/૭/૨૦૨૧ ના રોજ અમોને ઔધોગીક સીઝનલ નું મીનીમમ સને–૨૦૨૦/૨૧ નું બિલ રૂા.૧૩૯૫૬૦/– થી મીનીમમ બિલ આપવામાં આવેલ છે. અને પીજીવીસીએલ કચેરી દ્વારા તા.૩૧/૭/૨૦૨૧ ના રોજ રૂા.૧૩૯૫૬૦/– ભરવાનો થાય છે. તેવો પત્ર પણ આપવામાં આવેલ છે.

જેના અનુસંધાને આપ સાહેબને માનસહ નમ્ર અરજ છે કે, સને–૨૦૨૦ તથા સને–૨૦૨૧ ના બંને વર્ષ દરમ્યાન કોવીડ–૧૯ મહામારી આખા ભારતમાં હોય અને અમરેલી માં પણ હોય, સરકારશ્રી ના આદેશ અનુસાર માર્ચ – ૨૦૨૦ થી જુન–૨૦૨૦ સુધી કંમ્પલીટ લોકડાઉન હોય, સને–૨૦૨૧ માં પણ એપ્રિલ મહિનાથી લોકડાઉન હોય જેથી અમોએ ૨૦૨૦/૨૧ ની સાલ દરમ્યાન અમારૂં ઔધોગીક વિજ કનેકશન નું બરફનું કારખાનું ચાલુ કરેલ નથી. જે અંગે અમો અરજદારે પીજીવીસીએલ કંપની લીમીટેડ ને તા.૩૧/૩/૨૦૨૦ , તા.૧૮/૬/૨૦૨૦ ના રોજ અમારૂં ઔધોગીક એકમ બંધ હોય જે અંગે જાણ કરતો પત્ર પીજીવીસીએલ કંપની ને અરજી દ્વારા લેખિત જાણ કરેલ.

૧.૩ કોરોના મહામારીને કારણે અમારૂં ઔધોગીક એકમ જે બરફ નું કારખાનું ચાલુ જ કરેલ નથી અને સરકારશ્રી ના પણ આદેશ હતો. બરફનું કારખાનું બંધ રાખવાનું. જેથી, અમોએ અમારૂં બરફનું કારખાનું ચાલુ જ કરેલ નથી. જેથી, ૨૦૨૦/૨૧ ના વર્ષ નું મીનીમમ બિલ રૂા.૧૩૯૫૬૦/– જે છે તે મીનીમમ એન્યુઅલ બિલ અમોને આપવાનો સવાલ જ ઉપસ્થિત થતો નથી. જે મીનીમમ એન્યુઅલ બિલ અમો કોરોના મહામારીમાં અમારૂં ઔધોગીક એકમ બંધ રાખેલ હોય તે બિલ પરત ખેંચી એડજસ્ટ કરવા અમારી નમ્ર અરજ છે. સદર વર્ષ દરમ્યાન અમોએ પણ ઘણી જ મોટી આર્થિક નુકશાની ભોગવવી પડેલ છે.

સદર અમોને એન્યુઅલ મીનીમમ બિલ પેટે અમોએ રૂા.૩૮૫૧૫/– વાંધા સાથે પીજીવીસીએલ કંપની માં તા.૨૭/૯/૨૦૨૧ થી સખત વાંધા સાથે ભરપાઈ કરેલ છે અને કાયદાકીય સલાહ મુજબ યોગ્ય આગળ કાર્યવાહી કરવાના હકક સાથે ભરેલ છે.

૧.૪ ઉપરોકત તમામ હકીકત તથા માહિતી નિગાહે લઈ અમોને જે સને ૨૦૨૦/૨૧ કોરોના કાળના વર્ષ માં ઔધોગીક એકમ બંધ રાખેલ હોય છતાં, મીનીમમ એન્યુઅલ બિલ રૂા.૧૩૯૫૬૦/– નું જે બિલ આપેલ છે તે બિલ વિથ ડ્રો કરવા નમ્ર અરજ છે.

અમો અરજદાર ને પીજીવીસીએલ કંપની દ્વારા આપવામાં આવેલ તદન ખોટું બિલ અમોને મળતા અમોને ખૂબ જ માનસિક આઘાત, યાતના, દુખ પરેશાની થયેલ છે.

૧.૫ જેથી, અમો ફરીયાદીની હકીકત તથા આ અરજ ધ્યાને લઈ આપ નામદાર ગ્રાહક તકરાર ફોરમ અમોને મારા લાભમાં ન્યાય અપાવો તેવી આપ નામદાર ફોરમને અમારી નમ્ર વિનંતી રજૂઆત છે. જેથી, અમો અરજદાર ના લાભમાં લાભ અપાવવા આપ નામદાર ફોરમને નમ્ર વિનંતી છે.

આ સાથે અમોએ કરેલી અરજીઓની પણ નકલો જોડેલ છે.

ઉપરોકત ન્યાય બદલ અમો અરજદાર આપ નામદાર ફોરમ સાહેબના કાયમીપણે ઋણી રહીશું.

Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ ઉપરોકત વિષય તેમજ સંદર્ભ ના અનુસંધાને જણાવવાનું કે, શ્રી રઘુવીર આઈસ એન્ડ કોલ્ડ સ્ટોરેજ, જેસીંગપરા, અમરેલી ના ગ્રાહક નં–૮૩૧૫૪/૦૨૪૧૩/૧ થી ૫૪.૫ કિ.વો.નું એલ.ટી.એમ.ડી.ના ટેરીફ નું વિજ જોડાણ ધરાવે છે. સંદર્ભીત પત્ર થી ફરીયાદ મળેલ. જેમાં,, અરજદાર ની રજૂઆત અનુસાર અમરેલી શહેર પેટા વિભાગીય કચેરી ના સદર ગ્રાહક ના વિજ જોડાણ રઘુવીર આઈસ એન્ડ કોલ્ડ સ્ટોરેજ નામે બરફ નું કારખાનું ધરાવે છે. તેમજ સદર ગ્રાહક ને ઔધોગીક સીઝનલ નું મીનીમમ બિલ વર્ષ–૨૦૨૦ નું રકમ રૂા.૧,૩૯,૫૬૦.૦૦ નું મીનીમમ ચાર્જ ભરવાનો થાય છે. જેમાં, ગ્રાહક દ્વારા કોવિડ–૧૯ મહામારીમાં કારખાનું બંધ હોય તેમજ તેઓ દ્વારા લેખિતમાં ઔધોગીક એકમ બંધ હોય જે અંગે જાણ કરતો પત્ર પેટા વિભાગીય કચેરીમાં પાઠવવામાં આવેલ. તેમજ તેઓની આ મીનીમમ ચાર્જ વિથડ્રો કરવા અરજ કરેલ છે.

૨.૨ ઉપરોકત ગ્રાહક ની અરજી ના અનુસંધાને જણાવવાનું કે, સદર ગ્રાહક શ્રી રઘુવીર આઈસ એન્ડ કોલ્ડ સ્ટોરેજ ના નામનું એલ.ટી.એમ.ડી. વિજ જોડાણ ધરાવે છે. તેમજ તેનો હેતુ બરફ ના કારખાના નો હોય, તેમજ ગ્રાહક સીઝનલ ગ્રાહક તરીકે રહેવા માંગતા હોય, તેઓ દ્વારા તા.૧૩/૩/૨૦૨૦ ના રોજ એપ્રિલ–૨૦૨૦ થી જુન–૨૦૨૦ સુધી સીઝનલ ''એસ'' વિજ વપરાશ ચાલુ રહેશે તે બાબત ની અરજી આપેલ. ત્યારબાદ, તા.૩૧/૩/૨૦૨૦ ના રોજ સદર ગ્રાહક દ્વારા લોકડાઉન હોય, યુનીટ બંધ રહેવા અંગે અરજી આપેલ. તેમજ તા.૧૮/૬/૨૦૨૦ ની અરજી ૧ જાન્યુઆરી ૨૦૨૦ થી ૩૦ ડિસેમ્બર ૨૦૨૦ સુધી વિજ વપરાશ બંધ રહેશે તેમ જણાવેલ. આમ, વર્ષ–૨૦૨૦ દરમ્યાન સદર ગ્રાહક દ્વારા સીઝનલ ઓફ ના બિલ ઈસ્યુ કરવામાં આવેલ. તેમજ ટેરીફ ઓર્ડર ૨૦૨૦–૨૧ ના કલોઝ નં–૫.૬.૩ મુજબ વર્ષ –૨૦૨૦ ના મીનીમમ ચાર્જ ની ગણતરી રૂા.૨,૯૭૦/– દર કિ.વો. દર વર્ષ મુજબ કરી સદર ગ્રાહક ને એન્યુઅલ મીનીમમ ચાર્જ નું બિલ અમરેલી શહેર પેટા વિભાગીય કચેરી ના જાવક નં–૪૪૩૪ તા.૩૧/૭/૨૦૨૧ ના રોજ આપવામાં આવેલ. આ સાથે સદર કેસ ને લગતા તમામ દસ્તાવેજ ની નકલ આ સાથે સામેલ રાખેલ છે. તેમજ સદર ગ્રાહક ને આપવામાં આવેલ એન્યુઅલ મીનીમમ ચાર્જ ની રકમ રૂા.૧,૩૯,૫૬૦.૦૦ યોગ્ય તેમજ નિયમ મુજબ નું જ આપવામાં આવેલ છે. જે આપ સાહેબ ની જાણ સારૂં.

Consumer Grievance Redressal Forum
PGVCL
Bhavnagar

☞ <u>ફોરમનું તારણ</u> :– **વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર રઘુવીર આઈસ એન્ડ કોલ્ડ સ્ટોરેજ પ્રોપ્રાઈટર મઝહરભાઈ અમરેલી શહેર વિભાગ માં ૫૪.૫ કિ.વો.નું એલટીએમડી ટેરીફ હેઠળ થ્રી ફેઈઝ ઔદ્યોગીક વિજ જોડાણ ગ્રાહક નં–૮૩૧૫૪/૦૨૪૧૩/૧ થી ધરાવે છે. ગ્રાહક આઈસ ફેકટરી ચલાવે છે અને ૨૦૨૦ ના કેલેન્ડર વર્ષ માં ગ્રાહક નું સ્ટેટસ સીઝનલ તરીકે નું હતું. સામાન્ય રીતે વાદી દર વર્ષે સીઝનલ કનેકશન તરીકે તેની આઈસ ફેકટરી ચલાવે છે.

૩.૨ વાદીએ ૨૦૨૦ ના વર્ષ દરમ્યાન તા.૧૩/૩/૨૦૨૦ ના રોજ પ્રતિવાદી ની પેટા વિભાગીય કચેરી ને સીઝનલ પીરીયડ દર્શાવતી અરજી કરેલ. જેમાં, વાદીએ એપ્રિલ–૨૦૨૦ થી જુન–૨૦૨૦ ના સમય દરમ્યાન તેઓનો વિજ વપરાશ ચાલુ રહેશે તે મતલબ ની અરજી કરેલ.

૩.૩ તા.૩૧/૩/૨૦૨૦ ના રોજ વાદીએ પ્રતિવાદીની કચેરી માં લેખિત અરજી કરીને જણાવેલ કે, કોરોના ને કારણે લોકડાઉન હોવાથી તેઓએ વિજ વપરાશ ચાલુ કરેલ નથી અને લોકડાઉન પછી તેઓ વિજ વપરાશ કરશે તેવી અરજી માં જાણ કરેલ.

૩.૪ તા.૧૮/૬/૨૦૨૦ ના રોજ વાદીએ પ્રતિવાદીને લેખિત અરજી કરેલ. જેમાં, જણાવેલ કે તા.૧/૧/૨૦૨૦ થી તા.૩૧/૧૨/૨૦૨૦ સુધી તેઓનો વિજ વપરાશ બંધ રહેશે. તેમજ આ અરજીમાં વાદીએ ૨૦૨૧ ના વર્ષ નો સીઝનલ અને ઓફ સીઝનલ પીરીયડ જણાવેલ.

૩.૫ પ્રતિવાદી એ વાદીને તેના સીઝનલ કનેકશન માટે ૨૦૨૦ ના વર્ષ દરમ્યાન નું સીઝનલ ટેરીફ મુજબ મીનીમમ બિલ રૂા.૧,૩૯,૫૬૦/– ભરવા માટે નું તા.૩૧/૭/૨૦૨૧ ના રોજ જણાવેલ. જે બિલ સામે વાદીએ ફોરમને તા.૨૬/૧૦/૨૦૨૧ ના રોજ રજૂઆત કરેલ છે. જેની રજૂઆત માં જણાવેલ છે કે, ૨૦૨૦ ના વર્ષ દરમ્યાન લોક ડાઉન નો સમય હોવાથી તેઓએ તેઓનું ઔદ્યોગીક એકમ બંધ રાખીને વિજ વપરાશ નથી. તેથી, તેઓને આપવામાં આવેલ વાર્ષિક મીનીમમ બિલ રૂા.૧,૩૯,૫૬૦/– માફ કરી આપવું.

૩.૬ પ્રતિવાદીએ સુનાવણી દરમ્યાન ફોરમને ૨૦૨૦/૨૧ ના વર્ષ દરમ્યાન GERC નો ટેરીફ ઓર્ડર રજૂ કરેલ છે. પ્રતિવાદીએ ટેરીફ ના સબ સેકશન ૫.૬.૪ મુજબ બિલીંગ ડિમાન્ડ ની ગણતરી કરી ૮૫% પ્રમાણે ડિમાન્ડ ગણતરી કરી અને સબ સેકશન ૫.૬.૩ મુજબ રૂા.૨૯૭૦/– પર કિ.વો. પ્રમાણે વાર્ષિક મીનીમમ બિલ ની ગણતરી કરી અને રૂા.૧૩૯૫૬૦/– ની વાર્ષિક મીનીમમ બિલ ની આકારણી કરી પ્રતિવાદીને બિલ ભરવા માટે

૩.૭ વાદી તેના ૫૪.૫ એચ.પી ના ઔધોગીક જોડાણ ને સીઝનલ ટેરીફ નું સ્ટેટસ હતું તે બાબતે વાદી કે પ્રતિવાદી તરફે તકરાર નથી.

૩.૮ વાદીએ તા.૧૩/૩/૨૦૨૦ ના રોજ તેના સીઝનલ કનેકશન ચાલુ રાખવાનો સમયગાળો (એપ્રિલ–૨૦૨૦ થી જુન –૨૦૨૦) દર્શાવેલ. પરંતુ, વાદીએ તેના વિજ વપરાશ કરી શકેલ નહી. જે માટે વાદીએ લોક ડાઉન નું કારણ દર્શાવેલ છે.

૩.૯ વાદીએ પેરા નં–૩.૮ માં જણાવેલ તારણ માટે બિલ માં કોઈ રાહત આપવી તેવો કોઈ હુકમ કે બીજી કોઈ સૂચના GERC તરફથી આપવામાં નથી આવેલ. પ્રતિવાદીએ સીઝનલ કનેકશન નો ટેરીફ મુજબ ૨૦૨૦ ના વર્ષ નું સીઝનલ ટેરીફ મુજબ વાર્ષિક મીનીમમ બિલ ની આકારણી કરીને વાદીને રૂા.૧૩૯૫૬૦/– નું બિલ ભરવા જણાવેલ. જે ટેરીફ મુજબ અને નિયમ મુજબ છે. અને વાદીએ તે ભરવાપાત્ર છે. આથી, વાદીએ કરેલ રજૂઆત ગ્રાહય રાખવામાં આવતી નથી.

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૯ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રીમતી જે.એમ.મેહતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(એ.એ.જાડેજા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ. આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :– **૧૫/૧૧/૨૦૨૧.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar